# સાધુહૃદયની પ્રાર્થનાગંગા





## હે યોગીબાપા !

આપ આ બ્રહ્માંડે પધાર્યા
શ્રીજીને અખંડ ધાર્યા
ગુણાતીત સ્વરૂપે વિચર્યા
અમ સૌને પ્રેમે સ્વીકાર્યા
ગોદમાં લીધા ને જ્ઞાન દીધાં
જ્ઞાન જીવન બનાવ્યાં
'સ્વ'ના ભાવ ઓગાળ્યા
જગત નાશવંત કીધાં
બ્રહ્મભાવે જીવતા કીધા
આપ કૃપાલુ... દયાલુ...
દોષને અવગણ્યા... ગુણ વિસ્તાર્યા
તેથી અમને બળ મળ્યાં
આપનો જ સંકલ્પ હતો.
ઉપાસનાનાં તેજ અમ અંતરે પ્રકાશ્યાં
સ્વામી-શ્રીજીનો આશરો
ને પ્રગટ સ્વરૂપમાં પ્રીતિ
અમ હૈયાં પાવન થયાં
આપે 'સાહેબજી'ને સોંપ્યા
તેઓએ આપના જાણી સ્વીકાર્યા
આજે તેઓનાં જતને ને પ્રાર્થનાએ
અમ હૈયે આપ જ રહ્યા
હવે કેવળ આપને જ રાજી કરવા છે
શ્રીજી-સ્વામી પ્રસન્નતાર્થે જીવવું છે,
સાહેબજીમાં ઓગળી એકાકાર થવું છે
તે આજે આપના પ્રાગટ્ય મહામંગલે
અમારી પ્રાર્થના છે... અંતરની અભીપ્સા છે. ◆

## હે કાકાજી !

યોગીબાપાની કૃપાએ આપને ૧૯૫૨માં
ગોંડલ મહાતીર્થે સાક્ષાત્કાર થયો
આપે સંકલ્પ કરી, આશીર્વાદ આપ્યા...

સાર્વભોમ સર્વોપરી પરબ્રહ્મ સત્તા સર્વોપરી સર્વત્ર
તમારા હૃદયે અખંડ બિરાજમાન... તે જ કાર્ય કરે
જે કંઈ બને તે તમારું હિતકારી - પરમ હિતકારી
તે માનો ને ખુલ્લા રહી તેને સહકાર આપો
પ્રગટ મળ્યા તેની સ્મૃતિ સભર રહો, નિર્દોષ માનો
તેના કર્તાહર્તાભાવનો Total સ્વીકાર કરો
તો, તમે જ્ઞાન સમાધિ અનુભવશો
અક્ષરધામનું દિવ્ય સુખ અનુભવશો
આપને જે મળ્યા તે પ્રત્યક્ષ પ્રગટનો મહિમા...
તમને મળ્યાં જે સુખ તે પ્રસરાવતા રહો !

હે દયાળુ !
આપના આશીર્વાદે અમ જીવન પવિત્ર થયાં
યોગીબાપાએ અમ જીવન સમર્પણ સ્વીકાર્યાં
'સાહેબજી'ના ચરણે-શરણે સોંપી ધન્ય કર્યા
આપે... પપ્પાજીએ... સ્વામીજીએ અમાપ બળ પૂર્યાં
તો, આજે પરમ પ્રાપ્તિ પરમ સુખ અનુભવાય છે.
હવે તો, રહી સહી કસર ટળે
સાહેબજીમાં એકાકાર થઈએ
સ્વામી-શ્રીજીને રાજી કરતા રહીએ
તે એકમાત્ર સંકલ્પ છે
પૂર્ણ કરો... પૂર્ણ કરો... પૂર્ણ કરો...! ◆

[illegible] જય સ્વામિનારાયણ
'ભાવનિર્ઝર' ભાર્ગવ-નીતિ આવાસ, સિડની, ૫.૫.૨૦૧૮

